# ગિરનાર-જુનાગઢ ગાઇડ



દેસાઈ સ્ટોર દિવાન ચોક-જુનાગઢ

॥ શ્રી ગુરુ દત્તાત્રયાય નમઃ ॥

# ગિરનાર-જુનાગઢ ગાઇડ

✱

શાન્તાકારં શિખરશયનં, સર્પમાલં મહેશમ
વિશ્વાધારં ગગનશયનં, સ્વચ્છવર્ણં શુભાંગમ્
ગૌરીકાન્તં વિષમનયનં, યોગિભિર્ધ્યાનગમ્યમ
વન્દે શંભુ ભવભયહરં, સર્વ લોકૈક નાથમ્
—દેસાઇ

★

કડવી હોજો લીંબડી, પણ ભલી મીઠડી છાંય,
બાંધવ હોજો અબોલડા, પણ એક અંગની બાંય.


—: પ્રકાશક :—

મોહનલાલ મેઘજી દેસાઇ

દેસાઇ સ્ટોર : ધાર્મિક પુસ્તકોના વહેપારી
દિવાન ચોક-જુનાગઢ



( સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે. )


કિંમત રૂા. ૩-૫૦

# ગિરનારનાં મુખ્ય સ્થળો

[૧] માળી પરબની જગ્યા :- પાણી મફત આપે છે તથા ધર્મશાળા છે.

[૨] કોટ :- જૈન મંદિરો, દુકાનો, હોટલો, લોજો તથા જૈન ધર્મશાળા છે.

[૩] ગૌમુખી ગંગા :- જટાશંકર ધર્મશાળા, પથ્થરચટી સેવાદાસજીની જગ્યા.

[૪] સાચા કાકાની જગ્યા :- રહેવાની સગવડ છે.

[૫] અંબાજી માતાનું મંદિર :-

[૬] ગોરખનાથનો ધુણો :- ગોરખ બારી.

[૭] કમંડલ કુંડ :- દત્તાત્રય ધુણો-જગ્યા.

[૮] શ્રી ગુરૂ દત્તાત્રયનાં પગલાં :- ઘંટ છે.



લેખક : પ્રકાશક :-મોહનલાલ મેઘજી દેસાઇ

---

પ્રાપ્તિસ્થાન :-
દેસાઈ સ્ટોર :-દિવાન ચોક-જુનાગઢ

॥ ॐ ગુરુ દત્તાત્રેય નમઃ ॥

# ગિરનાર માહાત્મ્ય

## ॥ શ્રી ગિરિનારાયણ નમઃ ॥

પર્વતોમાં ગિરિનારાયણ સ્વરૂપ એવા ગિરનારને નમન કરી આ કથા આલેખું છું.

એક વખત વીણાપતિ નારદ ફરતા ફરતા બ્રહ્મલોકમાં જઈ ચડયા. તેમના મનમાં ઘણા વખતથી એક પ્રશ્ન ઉઠતો હતો. તેથી તેનું નિરાકરણ કરવા તેમણે બ્રહ્માજીને પૂછયું :

હે ભગવાન ! આ સૃષ્ટિમાં એવું કયું સ્થાન છે કે જ્યાં બધા દેવતા એક સાથે વાસ કરતા હોય છે.

**બ્રહ્મા બોલ્યા :–** હે વત્સ ! સાંભળ, સૌરાષ્ટ્રમાં આવેલું ગિરિનાર ક્ષેત્ર એવું છે કે જેની કથા માત્ર શ્રવણ કરવાથી સેંકડો પાપો નાશ પામે છે. તો પછી યાત્રા કરવાથી તો કેટલું પુણ્ય મળે તેની શી વાત કરવી.

**નારદ બોલ્યા :–** તો પછી હે ભગવાન ! તમે મને તે ક્ષેત્રની કથા કહો.

**બ્રહ્મા બોલ્યા :–** હે વત્સ ! ધ્યાન પૂર્વક આ કથા શ્રવણ કર.


રેવતાચળ–રેવતગિરિ, ઉજ્જયંત, ગિરિનારાયણ અને ગિરનાર નામે પુરાણમાં ઓળખાતા ગિરનારની કથા હું તને કહું છું.

**"સૌરાષ્ટ્ર દેશે પધારી, જોયું ન જુનાણું,**
**ફોગટ આવી સોરઠ, ખોયું તેણે નાણું."**

## શ્રી ગિરનારની મર્યાદા

ઉત્તરમાં ભાદર, પૂર્વમાં પાટેશ્વર-પાટનાથનું નાકું સૂર્યકુંડ, દક્ષિણમાં બીલખા અને પશ્ચિમમાં વંથલી સુધી આ ક્ષેત્રની મર્યાદા ગણવામાં આવે છે.

પ્રથમ ગિરિની ઉત્પત્તિ કથા હું કહું છું તે ધ્યાન દઈને શ્રવણ કરજે.



શ્રી અંબાજી-ગિરનાર

## ગિરનાર ઉત્પત્તિ અને શ્રી અંબાજી

દક્ષ પ્રજાપતિની પુત્રી સતીનો બીજો અવતાર હિમાલયને ત્યાં થયો. હિમાલયે પાર્વતીના લગ્ન ત્રિલોકનાથ શંકર સાથે લીધા ત્યારે તેમની જાનમાં આવેલા દેવતા— ઓનો આદર સત્કાર કરવાનું કામ પાર્વતીના ભાઈ ગિરિને સોંપ્યું હતું. તેમની નિષ્ઠાપૂર્વકની સેવાથી વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયા અને ગિરિને વરદાન આપ્યું કે, તું આજથી પર્વત મધ્યમાં નારાયણ સ્વરૂપ થઈશ. તારા ઉપર તમામ દેવતાઓ વાસ કરશે અને તારા આશ્રયથી તપસ્વી લોકો સિદ્ધ થશે. ભગવાને તેનું નામ **ગિરિનારાયણ** રાખેલું જેનું અપભ્રંશ થઈ **'ગિરનાર'** નામ થઈ ગયું.

પ્રાચીન સમયમાં પર્વતોને પાંખો હતી, કેટલાક પર્વતો ઉડીને ઘણા પ્રાણીઓનો નાશ કરતા. આથી મેં ઈન્દ્ર દેવને આજ્ઞા કરી કે, આપ બધા પર્વતોની પાંખો કાપી નાખો, ઈન્દ્રે વજ્રથી પર્વતોની પાંખો કાપવા માંડી, આથી ભયના કારણે ગિરિ ઊડી સમુદ્રમાં પેસી ગયો.

પાર્વતીના ખૂબ આગ્રહથી વિષ્ણુ ભગવાન અને શંકર ભગવાન ગિરિનારાયણને શોધવા ગયા. શોધતા શોધતા માલુમ પડયું કે, 'ગિરિ' સમુદ્રમાં છે તેથી તમામ દેવતા- ઓએ સમુદ્રની સ્તુતિ કરી. આથી સમુદ્ર પ્રસન્ન થયો. અને દેવતાઓને વરદાન માગવા કહ્યું : ફરી દેવતાઓએ સ્તુતિ કરી માગ્યું કે, 'ગિરિ' આપના જળમાં ઈન્દ્રના ભયથી પેસી ગયો છે તેને મુક્ત કરાવવા આપ પાંચ જોજન દૂર જાવ. સમુદ્ર વચન પ્રમાણે પાંચ જોજન દૂર ગયો. અને 'ગિરિ' જળથી અલગ થયો. આ વખતે ગિરિનારાયણ

ભાઈની રક્ષા કરવા માટે ભવાની (અંબાજી) ગિરનારના શિખર ઉપર બિરાજ્યાં. જે કોઈ માનવી અંબાજીનાં દર્શન કરે છે તેનાં લાખો જન્મનાં પાપ નાશ પામે છે. અને તે વિષ્ણુલોકને પામે છે.

## રાણકદેવીની શીલા

જ્યારે સિદ્ધરાજ રાણકદેવીને ગિરનાર ઉપરથી ઉપાડી લઈ જતો હતો. ત્યારે ગિરનાર ઉપરથી ઉતરતાં રાણકદેવીએ શાપ આપેલ જે :-

**ઊંચો ગઢ ગિરનાર વાદળથી વાતો કરે,**
**મરતાં રા'ખેંગાર, ખરેડી ખાંગો નવ થયો.**

ત્યારે ગિરનાર ખળભળવા લાગ્યો અને મોટી મોટી શિલાઓ પડવા લાગી. પરંતુ તે જ વખતે રાણકદેવીને વિચાર આવ્યો અને બોલ્યાં :-

**ગોઝારો ગિરનાર, વળામણ વેરીને કર્યા,**
**ગયા ચઢાવણ હાર, જીવતા જાતર આવશે.**


એટલે ખળભળાટ બંધ થયો, અને એ વખતની શિલા ખાંગી થઈ ગયેલી. જે હજુ પણ તેવી જ સ્થિતિમાં મોજુદ છે, તે સત્યની સાક્ષી પૂરે છે.

**(૧) માળી પરબ :-**

તળેટીમાંથી ગિરનાર ઉપર ચઢવા માટે પગથિયા બંધાવેલ છે. આ સીડીની બંને બાજુ થોડે અંતરે નાની કોટડીઓ આરામ લેવા માટે રાખી છે, અમુક ઉંચાઈએ ગયા બાદ માળી પરબ આવે છે. અહીં યાત્રાળુઓને પાણી પાવાની સારી સગવડ છે. યાત્રાળુ અહીં વિશ્રામ પણ લે છે.

**(૨) ઉપરકોટ અને જૈન મંદિરો :-**

માળી પરબથી આગળ જતાં ઉપરકોટ આવે છે. આ કિલ્લો રા'ગ્રહપુરીએ બંધાવ્યો હતો. મોટા પથ્થરો આમાં વપરાયેલા દેખાય છે. આ કોટમાં ગુજરાતના રાજા વસ્તુપાળ અને તેજપાળે બાંધેલાં દહેરાંની અદ્ભૂત કારીગરી કોતરકામ, રંગકામના કારણે આકર્ષણ અને સુંદર છે. લાંબા સમય સુધી જોયા કરીએ એમ થાય છે.



નેમીનાથનું મંદિર

**(૩) શ્રી નેમીનાથ ભગવાનનું મંદિર :-**

આ બધા મંદિરોમાં મુખ્ય છે. તેમની પ્રતિમા ભવ્ય અને તેજસ્વી છે. દર વર્ષે હજારો માણસો તેમના દર્શન પૂજાનો લાભ લે છે. નેમીનાથના મંદિરને ફરતી નાની નાની દેરીઓ છે તેમાં ચોવીસ તીર્થંકરો બીરાજે છે. ભોંયરામાં

**નોંધ** : જૈન લોકો માટે સંપૂર્ણ દેરાસર વિશે. માહિતી વાળી બુક અલગ મળે છે તે જરૂર વાંચવી. "જૈન તીર્થ-ધામ ગિરનાર" કિંમત રૂા. ૫-૦૦

બીરાજેલા અમીઝરા પાર્શ્વનાથ ખાસ દર્શન કરવા લાયક છે. શેત્રુંજયના પટ ખાસ જોવા લાયક છે.

આગળ જતાં ઘટીઘટુકો આવે છે, અહીંની મોટી પ્રતિમા તે સમયના જૈનધર્મની જાહોજલાલીની સાક્ષી પૂરે છે.

પાસે જ ભીમકુંડ છે તે પ્રાચીન છે. ઉપરકોટ બંધાયેલ ત્યારે તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ સિવાય સુરજકુંડ, જ્ઞાનવાવ વગેરે જળાશયો કોટમાં આવેલાં છે. વસ્તુપાળ અને તેજપાળે બંધાવેલાં દેહરાં સુંદર અને કળા કારીગીરીના નમૂના રૂપ છે.

કોટમાં જૈન ભાઈઓને ઉતરવા તથા રહેવા માટેની સગવડ જૈન ધર્મશાળા તરફથી આપવામાં આવે છે.

## (૪) રાજુલગુફા અને સાતપુડા :-

કોટમાંથી ઉપર ચઢતાં જમણા હાથે રાજુલગુફા આવેલ છે. ગુફા એકાંતમાં આવેલી છે. જેથી સાધુ સંતોને તપ કરવા કે ભજન કરવામાં અનુકૂળ થઈ પડે તેમ છે, અહીંથી આગળ જતાં સાત પથ્થરમાંથી ગળાઈને આવતું સાતપુડાનું ઝરણું આવે છે. આ પાણી–ઘણું મીઠું છે અને પાચન શક્તિ વધારનાર છે. નાહવા માટે નાનો કુંડ છે.

નીચે જતાં પ્રાચીન સમયની જાંબુવંતી ગુફા છે. ઘણા સાધુ–સંતો અહીં તપ કરતા એમ કહેવાય છે.

## (૫) જટાશંકર ધર્મશાળા :-

બ્રહ્મચારી શ્રી રામાનંદ મહારાજે ખૂબ મહેનત લઈ આ ધર્મશાળા બનાવડાવી છે, જે કોટના ઉપરના ભાગમાં છે. સાધુ–સંતો અને યાત્રાળુઓને ઉતરવાની સારી સગવડ

છે. ગાદલાં, ગોદડાં અને વાસણો પણ આપે છે.

**(૬) ગૌમુખી ગંગા :-**

ગૌમુખી ગંગાની કથા પુરાણોમાં નીચે પ્રમાણે છે. સત્યુગમાં સત્યધામ ઋષિ પુષ્કરરાજમાં ભગવાનને પ્રાપ્ત કરવા તપ કરતા હતા. ૧૦૦૦ વર્ષ સુધી તપ કરવા છતાં ભગવાનનાં દર્શન થયાં નહી પણ આકાશવાણી થઈ. આ જન્મમાં તને મારાં દર્શન થશે.નહિ, તેં નાનપણમાં તરસી ગાય પાણી પીવા આવી ત્યારે તેને લાકડીથી મારી હતી. તારાં આ પાપ નાશ પામે નહિ ત્યાં સુધી તને મારાં દર્શન થશે નહિ.

બ્રાહ્મણ નિરાશ થઈ રડવા લાગ્યો, ત્યારે ફરી આકાશ-વાણી થઈ. હે ! બ્રાહ્મણ તું નિરાશ ન થા ! પણ ગિરનાર ક્ષેત્રમાં જા અને ગંગાજીનું તપ કર. તારા તપથી પ્રસન્ન થઈ ગંગાજી ગાયના મુખમાંથી પ્રગટ થશે. તેમાં સ્નાન કર-વાથી તારાં પાપ નાશ પામશે અને વિષ્ણુલોકની પ્રાપ્તિ થશે.

બ્રાહ્મણ ગિરનાર ક્ષેત્રમાં આવી તપ કરવા લાગ્યો. અને ૧૦૦૦ વર્ષ સુધી તપ કર્યા પછી ગંગાજી પ્રગટ થયાં. અને ગાયના મુખમાંથી ઝરણા રૂપે વહ્યાં, માટે ગૌમુખી ગંગા કહેવાયાં.

આ સ્થાનમાં ગંગેશ્વર મહાદેવ, બટુક ભૈરવના મંદિરો છે. તથા ભગવાનના અવતારના ચરણાવિંદ છે. એટલે બધાના દર્શન કરી, ગૌમુખી ગંગામાં સ્નાન કરી વિધિ પૂર્વક દાન કરવું.

**શ્રી સત્યનારાયણ અને દત્ત ભગવાનનાં મંદિરો**

આગળ જતાં સત્યનારાયણ અને દત્ત ભગવાનનાં મંદિરો સામ સામાં આવેલાં છે. જેનો મહિમા ઘણો છે.

**(૭) સાચાકાકાની જગ્યા :-**

આ જગ્યા મહાકાળીની ઈચ્છાથી થઈ છે. અહીં એક માત્ર ઝુંપડી હતી. તેમાં મહાત્મા શ્રી શંકર ગિરીજી બિરાજતા હતા. એક વખત શ્રી મહાકાળીએ તેમને સ્વપ્નમાં કહ્યું, અહીં મારી પ્રતિષ્ઠા કર ! તેથી ત્યાંની શ્રી મહાકાળી માતાજીની મૂર્તિ ભવ્ય અને ચમત્કારી છે તેના દર્શન કરવાથી બધી મુશ્કેલીઓ દૂર થાય છે. અહીંયા ઉતરવા માટે પાણી અને મકાનની સુંદર સગવડ છે કપિલધારા નામે કુંડ છે. શ્રી વશરામગિરિજી આ જગ્યાના મહંત છે

**(૮) શ્રી અંબાજી :-**

ગિરનારની રક્ષા કરતાં અંબાજી (ભવાની)નું સ્થાન શિખર ઉપર છે તેમનાં દર્શન માત્રથી લાખો જન્મનાં પાપ નાશ પામે છે, અને તે વિષ્ણુલોકને પામે છે માતાજીનાં દર્શન કરવાથી યાત્રા સફળ નિવડે છે.

**(૯) શ્રી ગોરખનાથનું મંદિર :-**

આ ટુક ગિરનારની ઊંચામાં ઊંચી ટુક છે. અહીં ગોરખનાથજીએ રાજા ભર્તુહરી, રાજા ગોપીચંદન, નવનાથ અને ચોરાસી સિદ્ધોને ઉપદેશ આપેલો, ગોરખનાથનો ધૂણો અને ચરણ પાદુકા પણ છે, તેમનાં દર્શન કરવાથી યાત્રા સફળ થાય છે.

**'નમઃ શિવાય શાન્તાય હરયે પરમાત્મને;**
**પ્રણત ક્લેશનાશાય યોગિનાં પતયે નમઃ'**

શ્રી ગોરખનાથજી ૐ શ્રી શિવ સ્વરૂપ મનાય છે. આપણા સનાતન ધર્મના સુધારક અને કુલગુરૂ તરીકે વિખ્યાત છે.

આખા ભારતમાં તેઓ ફર્યા હતા તેમનાં ખાસ સ્થળ નેપાળ અને ગોરખપુરમાં છે; ગોરખનાથજીનું મંદિર પણ છે નેપાળમાં ગોરખનાથજીનું બહુમાન છે, આજે પણ તેમના સિક્કામાં ગુરૂ ગોરખનાથની છાપ છે.

પાપ પુણ્યની બારી આવેલી છે. તેના વિષે કહેવાય છે કે, પાપી આ બારીમાંથી નીકળી શકતો નથી. ધર્મી ગમે તેવો જાડો હોય તો પણ પસાર થઈ શકે છે.

## (૧૦) ગુરૂ દત્તાત્રયજી :-

ગોરખનાથ ટુક પછી દત્તાત્રયની ટુક આવે છે. ત્યાં ગુરૂ દત્તાત્રયના પગલાં છે. લોકો ત્યાં ચરણ સ્પર્શ કરી દાન પુણ્ય કરે છે. અહીંની પાઠ પૂજાથી જન્મ-મરણનો ફેરો ટળે છે.

પુરાણ કથા પ્રમાણે અત્રિ ઋષિ પોતાને ત્યાં ભગવાનના જેવી પ્રજા થાય તેમ ઈચ્છતા હતા. તેથી તેમણે ગિરનાર પર ઘણા વર્ષો સુધી તપ કર્યું. ઈન્દ્રને પોતાનું આસન ડોલતું લાગ્યું, એટલે તે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પાસે ગયા. ત્રણ દેવો વરદાન આપવા અત્રિ ઋષિના આશ્રમે પધાર્યા; ઋષિ સમાધિમાં હતા. ત્રણ દેવોએ સૂક્ષ્મ રૂપ ધારણ કરી ઋષિને હૃદયમાં દર્શન આપ્યાં. ત્યારે ઋષિએ આંખ ઉઘાડી. ત્રણે દેવોનાં દર્શન-પૂજા કરી.

સ્તુતિ કરી. ત્રણે દેવોએ વરદાન આપ્યું અને અનસુયાની હથેલીમાંથી પ્રગટ થયા. તે જગતમાં દત્તાત્રય તરીકે વિખ્યાત બન્યા. પોતાના જીવનમાંથી ગુણ ગ્રહણ કરવા તેમણે ૬૪ ગુરૂ કર્યા. કૂતરા જેવા પ્રાણી પાસેથી પણ તેમણે ગુણ ગ્રહણ કર્યા.

અત્રિ ઋષિએ ધર્મપત્ની અનસુયાને પુત્રનો મહિમા સંભળાવતાં કહ્યું કે, આપણો પુત્ર ગિરનાર ક્ષેત્રમાં વાસ કરશે. ગિરનાર સિદ્ધ ભૂમિ કહેવાશે, નવનાથ, ચોરાસી સિદ્ધો વિગેરે તેના શિષ્ય થશે. જે માણસ ભાવથી તેમની ભક્તિ કરશે તેમને તેઓ ઈચ્છા પૂર્વક દર્શન દેશે.

### (૧૧) કમંડલ કુંડ અને પાંડવ ગુફા :-

ગુરુ દત્તાત્રય તરફ જતાં રસ્તામાં કમંડલ કુંડ આવે છે, ત્યાં બાવાજી કમંડલથી પાણી પાય છે. માટે તેનું નામ કમંડલ કુંડ પડયું છે. ત્યાંથી બીજા શિખર ઉપર **મહાકાળી માતાની ગુફા** છે. શેરબાગ અને રતનબાગ આવેલા છે. તેના પર ઔષધમાં ઉપયોગી વનસ્પતિ થાય છે. આગળ જતાં પાંડવ ગુફા આવે છે. પાંડવો અહીં આવેલા માટે તેનું નામ પાંડવ ગુફા પડયું છે.

### (૧૨) ઓઘડ—અનસુયાની ટુક :-

આ બન્ને ટુક દત્તાત્રયના શિખર પાસે છે. પણ ત્યાં જવાનો રસ્તો વિકટ હોવાથી ભાગ્યે જ ત્યાં કોઈ જાય છે.

### (૧૩) સેવાદાસ અને પથ્થરચટીની જગ્યા :-

સેવાદાસ મહાત્માએ આ જગ્યા તૈયાર કરાવી છે. ત્યાં ઉતારાની સારી સગવડ છે. પથ્થરચટ્ટીની જગ્યામાં અગાઉ એક મહાત્મા થઈ ગયા. તે પથ્થર ચાટી તપ કરતા, માટે આ જગ્યા પથ્થરચટ્ટી તરીકે જાણીતી છે. ત્યાં ઊતરવા તથા રહેવાની સગવડ છે.

## (૧૪) હનુમાનધારા–સીતામઢી :–

"રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી."

હનુમાનજીના મુખમાંથી પાણી ધારા પડે છે. માટે હનુમાનધારા કહેવાય છે. જે ભરતવનના રસ્તામાં આવે છે.

સીતામઢી–રામચંદ્રજીનું મંદિર છે. રામકુંડ અને સીતા કુંડ છે. જગ્યા સુંદર અને ભવ્ય છે. પાકાં મકાનો હોવાથી યાત્રાળુઓ માટે સગવડ સારી છે.

## (૧૫) શેષાવન, ભરતવન, લાખાવન અને પોલો આંબો

સેવાદાસની જગ્યાથી ઉતરતાં શેષાવન આવે છે. અહીં જૈનોનું આધુનિક ઢબનું નવું મંદિર બન્યું છે. ત્યાંથી નીચે ઊતરવા માટે પથ્થરની સીડી બનાવેલ છે.

**ભરતવન :–**

આગળ જતાં ભરતવન આવે છે. નર્યું પાણીનું ઘર ભર્યું છે. પાણીનાં ઝરણાં ઉપર પથ્થરથી બંધ કર્યું છે. જેથી કચરો ન પડે, જગ્યા કુદરતી શોભાથી ભરપૂર છે. વિશ્રામ લેવાની સગવડ છે.

**લાખાવન :–**

ભરતવન જતાં જમણા હાથ પર લાખાવન આવે છે.

**પોલો આંબો :-**

આ પોલા આંબાના થડમાં પાણી ભરાઈ રહે છે. લોકોની માન્યતા પ્રમાણે આ પાણી પીવાથી દમ-ક્ષય જેવા રોગ મટી જાય છે.

**(૬) ગિરનારની પરિક્રમા :-**

આ પરિક્રમાનું ધાર્મિક મહત્ત્વ ઘણું છે, લોકો હજારોની સંખ્યામાં ઠંડીની પણ પરવા કર્યા સિવાય પરિક્રમામાં આવે છે.

ધાર્મિક મહત્વ જેટલું જ સામાજીક મહત્ત્વ છે. જુદા જુદા ગામના લોકો, જુદી જુદી કોમના અને પ્રાંતના લોકો ભેગાં થયાં હોઈ રીત-રીવાજ, ભાષા, પોષાક વગેરે જાણી શકાય છે. સહુ હળી-મળીને સાથે રહેતાં શીખે છે, જે પ્રવાસનો આનંદ હોય છે.

આ પરિક્રમા કારતક સુદ ૧૧ થી ૧૫ સુધી ચાલે છે.

**એકાદશીના** – દિવસે દામોદર કુંડ અને રેવતી કુંડમાં સ્નાન કરી, દામોદર દર્શન કરી, ભવનાથ મહાદેવ અને દૂધેશ્વર મહાદેવમાં દર્શન કરી ગિરનાર તળેટીમાં રાત્રિ પસાર કરે છે.

**બારસના** –દિવસે દૂધેશ્વર પ્લાન સ્ટેશન પાસેથી ઉપડી, ઉત્તર દિશાના પહાડો વટાવતાં ૩ાા માઈલ દૂર હસનાપૂર કે જીણાબાવાની મઢીએ રાત્રિએ રોકાય છે.

**તેરસના** –દિવસે માળવેલા કે જ્યાં સૂર્યકુંડ છે તેવા ગિરનારના ઉત્તર કિનારે પડાવ નાખી લોકો રાત્રિએ વિશ્રામ લે છે.

**ચૌદશે** –માળવેલાથી ઉપડી ગિરનારની પૂર્વમાં થઈ દક્ષિણ બાજુ બોરદેવીમાં પડાવ નાખવાનો હોય છે. અહીં બોરડી નીચે માતાજી બિરાજે છે. બારે માસ પાણી રહે છે. આ જગ્યા કુદરતી સૌંદર્યથી ભરપુર છે કૃત્રિમ જીવન જીવતાં શહેરી માણસોને અહીં ખૂબ ગમે છે.

**પુનમ** :–સવારે બોરદેવીથી નીકળી પાછા ભવનાથ આવવાનું હોય છે.

**સામગંગા** :–માળવેલાની તળેટીમાંથી નીકળતી આ નદી પરશુરામ અને કર્ણની કથા સાથે સંબંધ ધરાવે છે. અહીં પરશુરામનો આશ્રમ હતો એમ કહેવાય છે. સૂર્ય-કુંડ પણ છે.

**નોંધ** :-પરિક્રમણામાં જનાર મનુષ્યોએ પુરતાં ભોજન સામગ્રી, બિસ્તરો અને ઓઢવાનું સાથે રાખવું જરૂરી છે.

**(૧૭) જટાશંકર મહાદેવ :–**

શેષાવનથી એક પહાડી રસ્તે જતાં જટાશંકર મહાદેવની જગા આવેલી છે. મહાદેવ સ્વયં પ્રગટ થયેલ છે. પથ્થરની ગુફામાં છે. પહાડમાંથી આવતું ઝરણું તેમને સ્નાન કરાવી જાય છે. ભજન કરવા માટે આ સ્થળ ભવ્ય અને સારૂં છે.

**ભવનાથ મહાદેવ –**

**નારદ** :–ભગવાન ! ભવનાથ મહાદેવ અને દામોદર કુંડનું માહાત્મ્ય તો આપે કહ્યું નહિ.

**વિષ્ણુ** :–વત્સ, તેની કથા તું ધ્યાન પૂર્વક શ્રવણ કર, તારાં સઘળાં વિઘ્નો દૂર થશે.

ભવનાથ મહાદેવ સ્વયંભુ પ્રગટ થયેલા છે.

**'ભગવતીહૃ જગહૃ યસ્માત્ તસ્માત્ ભવ ઈતિ સ્મૃતઃ॥**

આખું જગત જેમાંથી સર્જાય, માટે જ તે 'ભવ' એટલે સંસાર સર્જક ભવનાથ કહેવાય છે. ભવનાથ મહાદેવની કૃપાથી મનુષ્યો જ નહિ પણ મગર, સાપ, પરાધી સિંહ વિગેરે હિંસક પ્રાણીઓ અનેક જન્મનાં પાપમાંથી છૂટે છે. માહિતી માટે વાંચો. (ભવનાથ માહાત્મ્ય)

**મૃગીકુંડ** :–આ કુંડ ભોજ રાજાએ બંધાવેલો. રાજા અને રાણી સાત સાત જન્મ ધારણ કરી આ કુંડમાં સ્નાન કરવાથી મોક્ષ પામેલાં. માટે આ કુંડ જેવું તીર્થ સૃષ્ટિમાં બીજું નથી. અહીં સ્નાન કરતી વખતે નીચેનો મંત્ર બોલવો.

**ભવાન્યા સહ ભૂતેશ ભવચ્છેદક ભો ભવ ।**
**ભવ ભવે ચ માં ત્રાહિ, ગૃહાણાર્ઘ્યાં નમોસ્તુતે ॥**

આ મંત્રથી અર્ઘ્ય આપી શક્તિ પ્રમાણે દાન કરી ભવનાથનું પૂજન કરવું.

**નોંધ** –કારતક સુદ ૧૧ થી ૧૫ સુધી, મહા વદ ૯ થી ૧૪–શિવરાત્રી તથા ચૈત્ર સુદ ૯ થી ૧૫ સુધીના દિવસોમાં અહીં સ્નાન પૂજા કરવાથી ઉત્તમ પદની પ્રાપ્તિ થાય છે.

અહીં કામમેઘ નામે ભૈરવ રૂદ્ર સ્વરૂપે બિરાજે છે. ક્ષેત્રના અધિપતિ વાસ્રાથેશ્વર છે. જે ભવનાથ સામેની વાવ પાસે બિરાજે છે. કાશી અને નર્મદાની જાત્રા કરવાથી જે ફળ મળે છે, તે ફળ અહીં ભવનાથનાં દર્શન કરી ક્ષણ એક વાસ કરવાથી મળે છે. એટલે અહીં રાત વાસો રહેવું ઘણું ઉત્તમ છે.

મહા વદ ૯ થી ૧૪ સુધી મોટો મેળો ભરાય છે. આ મેળામાં ઘણા સંતો આવે છે, જાત્રાળુઓને આ વખતે તીર્થ અને સાધુ–સમાગમનો લાભ મળે છે.

**દુગ્ધેશ્વર (દુધેશ્વર) મહાદેવ :—**

કામધેનુ ગાય પોતાના દૂધથી મહાદેવને સ્નાન કરાવતી, માટે તેનું નામ દુગ્ધેશ્વર પડ્યું. બાજુમાં દુગ્ધ-ગંગા નદી છે, અહીં સ્નાન કરી દુગ્ધેશ્વર, મહાદેવી પૂજા-કરવાથી મનવાંચ્છિત ફળ મળે છે.

**રૂપાયતન** :–થોડે દૂર આ સંસ્થા છે. ત્યાં હસ્ત ઉદ્યોગના કાગળ તથા કાગળના માવાનાં સારાં રમકડાં બને છે. શિક્ષણ આપવાનું કાર્ય પણ થાય છે.

**લંબે હનુમાન** :–મારૂતી મંદિર છે. હનુમાનની મોટી મૂર્તિ છે, ત્યાં રામચંદ્રની મૂર્તિ પણ છે. ઉતરવા તથા રહેવાની સુંદર સગવડ છે, આ ઉપરાંત કબીર સાહેબની જગ્યા, નિરંજન અખાડો, જ્ઞાતિઓના મકાનો, ધર્મ-શાળાઓ વગેરે પણ અહીં છે. (સનાતન ધર્મશાળા છે) તેમાં રહેવા ઉતરવાની સુંદર સગવડ છે. ઠામ વાસણ વગેરે પણ મળે છે.

**તળેટીનાં જૈન મંદિરો** :–જૈન શ્વેતાંબર ધર્મ શાળા છે. ત્યાં રહેવાની તથા ભોજનની જૈન યાત્રાળુઓ માટે સગવડ છે, પહેલા તીર્થંકર શ્રી આદીશ્વરજી ભગવાનનું મંદિર છે. સામે દિગમ્બર ધર્મશાળા અને મંદિર છે, ત્યાં પણ સારી સગવડતા છે.


**મુચકુન્દેશ્વર મહાદેવ** :–સતયુગમાં માંધાતાના પુત્ર મુચકુન્દે દૈત્ય સાથે લડી વિજય અપાવ્યો હતો. દેવોએ પ્રસન્ન થઈ વરદાન આપ્યું. મુચકુન્દે માગ્યું કે, હું સુતો રહું ત્યારે મને જે પ્રથમ જગાડે તે બળીને ભસ્મ થઇ જાય. રેવતાચળ પર્વતમાં મુચકુન્દ એક દેરામાં નિંદ્રાધીન થયા. કાલયવનના ભયથી શ્રી કૃષ્ણ ભાગીને રેવતાચળ આવ્યા, ત્યારે કાલયવન પાછળ પડયો, શ્રી કૃષ્ણ મુચકુન્દની ગુફામાં ગયા. અને પોતાનું વસ્ત્ર તેમને માથે રાખી દીધું કાલયવનને લાગ્યું કે, શ્રી કૃષ્ણ મને છેતરવા માટે સુતા છે તેથી તેણે તેમને ઠોકર મારી ઉઠાડયા, મુચકુન્દની દૃષ્ટિ પડતાં કાલયવન બળીને ભસ્મ થઈ ગયો.

શ્રીકૃષ્ણે ત્યાં મુચકન્દ રાજા પાસે મહાદેવની સ્થાપના કરાવી, તે જ મુચકુન્દેશ્વર મહાદેવ છે. અહીં પંચમુખી હનુમાનજી પણ બિરાજે છે.

**ગિરનારનું અન્નક્ષેત્ર** :–ભવનાથ પાસે જ આ અન્નક્ષેત્ર આવેલું છે. જ્યાં દરેકને ભોજન આપવામાં આવે છે; તેમજ બારે માસ પાણીની પરબ રહે છે.

**વેલાબાવા** :–ગિરનારની કોળી જ્ઞાતિમાં સિદ્ધ વેલા બાવા થઇ ગયા છે તેમની દાતણની ચીરમાંથી ત્યાં વિશાળ વટવૃક્ષ થયેલ છે. ત્યાં તેમની જગ્યા છે. અને ગિરનાર ઉપર બે હજાર પગથિયાં પાસે તેમની સમાધિ છે.

**પુનિત આશ્રમ** :–ભવનાથ મહાદેવની પાછળના ભાગમાં પુનિત આશ્રમ છે. ત્યાંના મહાત્માનાં દર્શન કરવા લાયક છે.



દામોદર કુંડ

**દામોદર કુંડ :-'ગિરિ તળેટી ને કુંડ દામોદર ત્યાં મહેતાજી નાહવા જાય.'** એ કડી તો દરેક વૈષ્ણવ જાણતો જ હશે.

**નારદ** :-ભગવાન ! દામોદર કુંડની ઉત્પત્તિ કેમ થઈ તથા તેમાં સ્નાન કરવાથી શું લાભ થાય ?

**વિષ્ણુ** :-હે સત્ય ! બ્રહ્માજીએ તથા ઇન્દ્રરાજાએ આ તીર્થમાં ઘણા યજ્ઞો કર્યા આ યજ્ઞમાં બધા દેવતાઓ આવેલા. બધા દેવતાઓને પોતપોતાના તીર્થમાં સ્નાન કરવાની ઇચ્છા થઈ. તેથી બ્રહ્માજીએ પોતાના કમંડલમાંથી ગંગાજી પધરાવ્યાં. અને બીજા તીર્થોને પણ બોલાવ્યા, આથી આ કુંડમાં ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા, કાવેરી, સિંધુ ક્ષિપ્રા, ચર્મણ્યવતી, ગોદાવરી વગેરે તીર્થો સ્વરૂપ પવિત્ર

નદીઓ વાસ કરે છે. અને યજ્ઞ પૂરો થતા બધાં ગયાં. પણ બ્રહ્માજીના વચનથી બધા દેવતાઓ સાથે બધાં દામોદર સ્વરૂપે અહીં બિરાજે છે. એટલે આ તીર્થ દામોદરના નામે પ્રસિદ્ધ પામ્યું. આ તીર્થમાં મનુષ્યનાં હાડકાં નાખવાથી તે તદ્દન ગળી જાય છે. તેનો પાર પામવા ગોરા લોકોએ કુંડનું પાણી લઈ જઇ વૈજ્ઞાનિક અખતરા કર્યા પણ કંઇ તત્ત્વ મેળવી શકયા નહિ.

ગોમતીમાં નાખેલાં હાડકાં ચક્ર રૂપ થાય, ગંગામાં નાંખેલાં હાડકાં ગળીને પાણીમાં ભળી જાય છે. તેથી કહ્યું છે, કે **'દામોદર સમ તીર્થં ન ભુતે ન ભવિષ્યતિ'** દામોદર તીર્થ જેવું કોઇ ઉત્તમ તીર્થ નથી.

ઘણા મહાત્માઓના અનુભવ ઉપરથી કહેવાય છે કે; **'નમો ભગવતે વાસુદેવાય'** એ દ્વાદશાક્ષર મંત્રનો જાપ કરી ભગવાનના દર્શન કરનારને આ લોકમાં પાછા ફરવું પડતું નથી. તે વિષ્ણુલોકમાં જ બિરાજે છે.

હે ! દયા સિંધુ દામોદર તારા સ્નાનથી, મારાં અનંત જન્મનાં પાપ નાશ પામો ? તેમ કહી શરીર ચોળ્યા વગર આ કુંડમાં સ્નાન કરવું દામોદર કુંડમાં–બ્રહ્મકુંડમાં સ્નાન કરવાથી બ્રહ્મહત્યા જેવાં પાપ નાશ પામે છે.

**રેવતી કુંડ** :–પુરાણની કથા પ્રમાણે શ્રાપથી રેવતી નક્ષત્ર પૃથ્વી ઉપર પડયું. મોટો ખાડો થયો. તેમાંથી જે કન્યા ઉત્પન્ન થઇ તેનું નામ રેવતી રાખ્યું. પ્રમુચ નામના

ઋષિએ તેને પાળી પોષી મોટી કરીને આ ઋષિએ ફરી રેવતી નક્ષત્રને આકાશમાં સ્થાપ્યું. બીજા જન્મમાં રેવતીનાં લગ્ન બલરામ સાથે થયાં, રેવતી અને બલરામ ગિરનારની યાત્રાએ આવેલાં. ત્યારે ગર્ગ ઋષિના કહેવાથી તેમણે આ કુંડનો જીર્ણોદ્ધાર કર્યો, માટે તે રેવતી કુંડ કહેવાય છે. અહીં સ્નાન કરવાથી ધન, ધાન્ય, અને સૌભાગ્ય મળે છે.


**અશોકના શિલાલેખ** :- ગિરનારની તળેટીમાં આવેલ આ લેખ બહુ પ્રાચીન છે. તેના ઉપર અશોક ચંદ્રગુપ્ત અને રૂદ્રમાના લેખો છે. લિપિ પ્રાચીન છે. વાંચી શકાતી નથી, છતાં સમ્રાટ' અશોક જે આજ્ઞા કરે છે તે નીચે પ્રમાણે કોતરેલી છે. (૧ મા-બાપ ને વડીલને માન આપો. (૨) પોતાના વખાણ કે બીજા ધર્મની નિંદા ન કરો. (૩) સૌને સમાન ગણો. (૪) હિંસા ન કરો. નવાબે આ લેખ સાચવવા છાપરૂં બંધાવી આપ્યું છે.

**વાઘેશ્વરી માતાજીનું મંદિર** :-આ મંદિર ગિરનારની તળેટીમાં આવેલુ છે. અહીં નવરાત્રિના તહેવારમાં મોટો મેળો ભરાય છે.

**ગાયત્રી શક્તિપીઠ** :-ગાયત્રી માતાજીનું મંદિર અદ્યતન રીતે નવું જ બનાવેલ છે. દર રવિવારે ઘણા માણસો ફરવા તથા દર્શને આવે છે. આરતીનું માહાત્મ્ય ખૂબ જ છે.

---

**મનહર ધોળપદ** :-૨૯૫ અણમોલ ધોળ તથા આરતી, નિત્ય પાઠ સાથે. પાકું પૂંઠું. કિંમત રૂા. ૨૫-૦૦
લખો :- **દેસાઈ સ્ટોર** : દિવાન ચોક-જુનાગઢ



ગાયત્રી મંદિર

**સનાતન ધર્મ**શાળા :– તળેટીમાં આવેલી આ ધર્મશાળામાં ગિરનાર જતા અને ગિરનારથી આવતા થાકયા પાકયા–લોકોને વિસામો ખાવાનું સારામાં સારૂ સ્થાન છે, સુવા બેસવાથી માંડી રસોઈ કરવા સુધીની તમામ સગવડ અહીં છે.


લક્ષ્મ**ણુ ટેકરી** :–લક્ષ્મણુ પગલાં કોતરેલાં છે. રસ્તા વચ્ચે પહાડ ઉપર વાસ અને ભોંયરૂં છે.

**રામદેવપીરની ટેકરી** :–રામદેવપીરનું મંદિર છે.

**રાધા ટેકરી** :–આ ટેકરી બહુ પુરાણી છે, એકાન્ત પ્રિય ભજનિકો માટે ભજન કરવાનું સારામાં સારુ સ્થળ છે.

–ગિરનાર માહાત્મ્ય સંપૂર્ણ–

(૧) **કાળવા ચોક** :—અહીંનો દરવાજો ડુંગડી દરવાજો કહેવાતો; નવાબ મહોબતખાન સુરા અને સુંદરીમાં રાચતા. તેમની નજર કાળુમેરની પુત્રી ઉપર પડી. કાળુમેર પુત્રી લઈને ભાગ્યો, બધા દરવાજા બંધ છેલ્લે ડુંગડી દરવાજે ઘોડો ઠેકાવી તે જુનાગઢ છોડી ગયો. તેની યાદમાં ત્યારથી આ ચોક કાળવા ચોક તરીકે વિખ્યાત છે. અહીં વલ્લભભાઈનું બાવલું મૂકવામાં આવ્યું છે. તથા રંગીન પાણીનો ફુવારો અધ્યતન બનાવવામાં આવ્યો છે.તેમજ અહીં ઘણાં રેસ્ટોરન્ટો અને સિનેમાગૃહો પણ આવેલાં છે.



## દિવાન ચોક

(૨) **દિવાન ચોક** :—આ ચોકમાં કન્યાશાળા, કલેકટરની કચેરી; બેંકો તથા **દેસાઇ સ્ટોર** નામની ધાર્મિક પુસ્તકોની દુકાન આવેલી છે. ઉપરાંત દરબાર હોલ—મ્યુઝીયમમાં નવાબના સમયની પુરાણી કલાત્મક વસ્તુઓને

સંગ્રહ રાખવામાં આવેલ છે. તથા સર્કલ ચોકની દુકાનોની અર્ધ ગોળાકાર બાંધણી ઉત્તમ છે.

(૩) **નીલકંઠ મહાદેવ** :–ઉપરકોટ જતાં જગમાલ ચોકમાં સ્વયંભૂ જ્યોતિર્લીંગ છે. દર્શન–પૂજન કરવાથી મનવાંચ્છિત ફળ મળે છે. શ્રી અંબાજીના મહંત પૂજા કરે છે.



નરસિંહ મહેતાનો ચોરો

(૪) **નરસિંહ મહેતાનો ચોરો** :–ભક્ત નરસિંહ મહેતા જ્યાં ભજન કરતા તે મકાન જ નરસિંહ મહેતાનો ચોરો. નરસિંહ મહેતાની અને કૃષ્ણ ભગવાનની મૂર્તિને ત્યાં પધરાવી છે. મંદિરની બાજુના હોલમાં નરસિંહ મહેતાના જીવન ચરિત્રના ફોટાનું પ્રદર્શન રાખવામાં આવ્યું છે.

નરસિંહ મહેતા ઈ.સ. ૧૪૭૦ માં હયાત હતા. અને આ સ્થાને ભજન કીર્તન કરતા હતા. ચોરાની વચ્ચે એક ગોળાકાર ઓટલો છે; જે રાસ ચોરાથી ઓળખાય છે. કહેવત છે કે, કોઈને મુંઝવણ થાય તો ઓટલા ઉપર બેસી જપ કરે તો માર્ગદર્શન મળે છે.

(૫) **સક્કરબાગ** :– કોતરેલાં સુંદર ઝાડો મનને આનંદ આપે છે, સિંહ, વાઘ, દીપડા, સસલાં, વાંદરાં, રીંછ, હરણાં, જંગલી ગાયો, પક્ષીઓ, મગર વગેરે પ્રાણીઓ અહીં લોકોને જોવા માટે રાખ્યાં છે. પુરાણી ચીજોનું સંગ્રહસ્થાન પણ ઉત્તમ છે. સક્કરબાગ દર બુધવારે બંધ રહે છે.

(૬) **ઉપલા દાતાર** :–દાતાર ટેકરી ઉપર જમીયલશા પીરની દરગાહ છે. ત્યાંનું વાતાવરણ ખુશનુમા છે. મુસ્લિમ ભાઈઓ અહીંની યાત્રાએ આવે છે.

(૭) **કોઢિયા આશ્રમ** :–રક્તપિત્તિયાની સારવાર માટે નીચલા દાતારમાં આ સંસ્થા ઘણા વર્ષોથી ચાલે છે.

(૮) **બહાઉદ્દીન કોલેજ** :–બહાદ્દીનભાઈને ચાંદ મળ્યો ત્યારે તેમના મિત્રોએ જ ફંડ ઉભું કરેલું. તેમાં બહાઉદ્દીનભાઈએ રૂ. ૨૦૦૦૦/ વીસ હજાર ભર્યા. તથા નવાબે ૧। લાખ રૂપિયા ભર્યા, આ ફંડમાંથી ઉચ્ચ શિક્ષણ આપવામાં આ સંસ્થા આગળ પડતી છે.

(૯) **અધ્યાપન મંદિર** :–પ્રાથમિક શિક્ષકોને જીવંત કેળવણી આપતી આ સંસ્થામાં દર વરસે ૧૫૦ શિક્ષકો પસાર થાય છે બુનિયાદ શિક્ષણના નવા પ્રયોગો ચાલે છે.

(૧૦) **પ્રાયોગિકશાળા** :–પાઠના પ્રયોગો માટે ચાલતી આ શાળા કેળવણી ક્ષેત્રે ઉદ્યોગ દ્વારા જીવન ઘડતર કરવાની નવી પ્રણાલિકા પાડે છે.

(૧૧) **જુનાગઢ હાઇસ્કુલ** :–અહીં ટેકનીકલ હાઈસ્કુલ બનાવવામાં આવી છે. આ સંસ્થામાં ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે છે.

(૧૨) **જીલ્લા પુસ્તકાલય** :–આ પુસ્તકાલયમાં

બાળકોનો ખાસ વિભાગ છે. હિન્દી, ગુજરાતી, અંગ્રેજી બધી જ જાતનાં પુસ્તકો, સામાયિકો અને છાપાં અહીં વાંચવા મળે છે. જિલ્લાના ગામોમાં પણ અહીંથી પુસ્તકો મોકલાય છે.

(૧૩) **જુનાગઢ પુસ્તકાલય** :–૯૭ વર્ષ જુના આ પુસ્તકાલયમાં અંગ્રેજી; ગુજરાતી, હિન્દી, સામાયિકો અને છાપાં આવે છે. મોટામાં મોટું પુસ્તકાલય છે. બધી જ કક્ષાનાં પુસ્તકો આ પુસ્તકાલયમાં વાંચવા મળે છે.

(૧૪) **કન્યા મહાવિદ્યાલય** :–બહેનોને માધ્યમિક કેળવણી આપવા માટે આ સંસ્થા છે. અહીં આધુનિક પદ્ધિતિએ શિક્ષણ અપાય છે.

(૧૫) **હિન્દુ સ્મશાન ગૃહ** :–આધુનિક ઢબે સુંદર બગીચો તથા સુંદર ધાર્મિક પુતળાંઓથી સુશોભીત છે. દહન ક્રીયા તથા નાહવા માટેની પુરતી સગવડ છે.


(૧૬) **હવેલી** :–વર્ષો પહેલાં મહાપ્રભુજી પધારેલા તેમના ભક્તિરસથી વૈષ્ણવોએ અંહીં હવેલી બંધાવી છે.

(૧૭) **સ્વામિનારાયણ મંદિર** :–આ મંદિર વિશાળ, સુંદર અને સાદી કોતરણીવાળું છે. ભાવિકો હજારોની સંખ્યામાં દર્શને આવે છે.

(૧૮) **હોસ્પિટલ** :–વિના મૂલ્યે સાર્વજનિક રીતે દવા આપવામાં આવે છે. આધુનિક સાધનો, ઓપરેશન વિભાગ, આંખોનો ખાસ વિભાગ વગેરે દ્વારા જનતાની સારવાર કરવામાં આવે છે.

(૧૯) **ઝનાના હોસ્પિટલ** :–૧૯૩૧ માં પ્રજાના ફંડથી આ સંસ્થા શરૂ થઈ છે. પ્રસુતિગૃહની સારી વ્યવસ્થા રાખી છે.

(૨૦) ઉપરકોટ :—એક હકીકત પ્રમાણે આ કિલ્લો ઉગ્રસેને બંધાવ્યો તેમ કહેવાય છે જ્યારે ઇતિહાસ પ્રમાણે વંથલીનો કિલ્લો નબળો લાગતાં રા'ગ્રહપુરીએ આ ગઢ બંધાવ્યો, તેમાં બુદ્ધગુફા, રાણકદેવીની ચોરી, અડીકડી વાવ, નવઘણ કુવો, ધક્કા બારી વગેરે જોવા લાયક છે આ ગઢ ઘણો જ મજબુત છે. સિદ્ધરાજ જેવો પણ ૧૨ વર્ષ સુધી કાંકરા ખેરવી શકયો ન હતો. આ કિલ્લામાં પાણી શુદ્ધ



ઉપરકોટ

બનાવવાની વ્યવસ્થા છે. મજબુત બાંધણી અને ભોંયરાની કોતરણી ખાસ જોવાલાયક છે. હાલમાં અહીયાં યાત્રાળુઓને ફરવા માટે બગીચો બનાવ્યો છે.

**ઉપરકોટમાં જોવાલાયક સ્થળો :—**

**નવઘણ કુવો :-**

**અડીચડી વાવ ને, નવઘણ કુવો,**
**જેણે ન જોયો, ઈ જીવતો મુવો.**

આ કુવો રા'નવઘણે બંધાવેલ છે. ત્રીસ ફૂટ પહોળાઈ તથા એકસો સીત્તોર ફુટ ઊંડાઈ છે. લગભગ બસો પગથીયાં છે. પાણી અખુટ છે. આ કુવામાં ગોળ ગોળ ફરતી સીડી પગથિયાં આવેલાં છે. બસો પાંચસો માણસો એક સાથે આવ–જા કરે તો પણ કોઈ જાતની તકલીફ ન પડે તેવી રીતની તેમાં ગોઠવણ કરેલી છે. હવા અને પ્રકાશની આવ–જા માટે મોટાં બાકોરાં રાખ્યાં છે. વચ્ચેના ભાગમાં એક મોટો ચોક રાખેલો છે.

**રાણકદેવી રા'ખેંગારનો મહેલ** :- આ મહેલના થાંભલાઓ જુની કારીગીરીવાળા છે. મહેલની નીચે પાણીના ટાંકા અને ઉપર અગાશી છે. પાછળથી તેનો ઉપયોગ મસ્જીદ તરીકે કરવામાં આવેલો !

**ગંગાજળ મહેશા; પેડ હું–તું તહારૂં પવિત્ર,**
**વીજા રમત ગયાં; મન તો વાળા માંડલિક.**

**અડીચડી** વાવ :–આ વાવ રા'નવઘણની દાસીઓ અડી અને ચડીને નામે બંધાવી છે. બસો પગથીયાં છે.

**તોપો** :–બે તોપો છેઃ એક તોપ નીલમ નામે કહેવાય છે. તે સત્તર ફુટ લાંબી છે. તથા બીજી તોપ કડાનાળ કહેવાય છે. આ તોપ તેર ફુટ લાંબી છે.

**(૨૧) વીલીંગ્ડન ડેમ** :–શહેરને પાણી પુરુ પાડવાનું સ્થાન છે. ત્યાં બંધ છે, તે બંધ ઉપર લોકોને ફરવા

માટેની વ્યવસ્થા છે. તથા બાજુમાં બગીચો છે. ઘણા લોકો ત્યાં ફરવા જાય છે.

## જમીયલશા દાતાર

કાળવા ચોકથી ડેમ તરફ જવાના રસ્તા ઉપર નીચલા દાતારની દરગાહ આવે છે. આ જગ્યા જમીયલશા દાતારના નામથી ઓળખાય છે. અહીં મેલી વિદ્યાના ભોગ બનેલા માનવીઓની બલા કાઢવા માટે આ સ્થાન વખણાય છે.

દાતાર જમીયલશા સિંધમાંથી આવેલા અને અહીં માઈ ગઢેચીની અત્યારે જગ્યા છે, ત્યાં ધૂણો નાખેલો. અત્યારે પણ ત્યાં ધૂણો તથા પ્રાચીન મસ્જિદ છે. ત્યાંથી તેઓ ડેમ આગળના પહાડ ઉપર ગયા. ત્યાં પ્રભુ ભક્તિ કરી અને લોકોને ઘણા પરચા બતાવ્યા, અત્યારે આ પહાડ દાતાર ડુંગર તરીકે ઓળખાય છે.

શ્રદ્ધાળુ લોકો અહીંની પોતાની મનોકામના પૂર્ણ કરવા માનતાઓ રાખે છે, અને માનતા ઉતારવા અહીં આવે છે.

આ જગ્યામાં બપોરના દાતારની રાબ જમવા જે હાજર હોય તેને હેલો પાડવામાં આવે છે.

જમીયલશા દાતારનો ઉરસ મુસલમાની તા. ૧૦–૧૧ રબીઉલ અવ્વલે આવે છે. આ ઉરસ ઉપર ઘણા માણસો આવે છે. અને મેળો ભરાય છે.

ડેમ ઉપરથી દાતારનાં પગથિયાં શરૂ થાય છે. ઉપર ચઢતાં પહેલે વિસામે **'ચીલ્લરિયા પીરની'** જગ્યા આવે

છે. ત્યાં પણ માનતા થાય છે. અહીં પાણીની પરબ અથવા ઝુપડી છે. ત્યાંથી ચાલતાં '**સકકર કુઈ**' નામની એક પુરાતન વાવ આવે છે. તેની બાજુમાં કાળા પાણામાં ગાયની ખરી અને ઘોડાના ડાબલાના નિશાન છે. લોક વાયકા છે કે, જમીયલશા અહીં ઘોડા ઉપર આવ્યા હતા. અને સાથે ગાય પણ લાવેલા, વાવનું પાણી સાકર જેવું મીઠું છે. ત્યાંથી થોડે દૂર ચડતાં દાતાર ગુફા છે.

ગુફા સામે એક મોટું સિમેન્ટનું મેદાન છે. કોટડી, કોઠાર તથા મુસાફરોને રહેવા માટે જગ્યા છે. મસ્જીદ તથા પાણીની ટાંકી છે.

ત્યાંથી આગળ ચાલતાં પાણીના "**ચશ્મા**" છે અહીં કાળાપણામાં એક ખોબો બૂડે તેટલો ખાડો છે અને તે ખાડામાં કુદરતી પથ્થરમાંથી પાણી આવે છે. જે ઘણું ઠંડુ અને ચોખ્ખું નાળિયેરના સ્વાદવાળું આવે છે. આ ખાડા ઉપર એક નાળિયેરની કાચલી રાખવામાં આવેલી છે, તે કાચલીથી દરેક જ્ઞાતિ ભેદભાવ વગર પાણી પીએ છે.

દાતાર જમીયલશા પીરે અનેક પરચા બતાવ્યા છે. હજુ પણ જેવી જેની ભાવના તે પ્રમાણે પરચા ચાલુ જ છે. આજે પણ ઘણા લોકો ત્યાં માનતા ઉતારવા આવે છે.

**ધર્મશાળાઓ** :– જુનાગઢ શહેરમાં બળીયા ધર્મશાળા જૈન ધર્મશાળા, ભાટીયા ધર્મશાળા તથા ગિરનાર તળેટીમાં સનાતન ધર્મશાળા, દિગમ્બર ધર્મશાળા, શ્વેતાંબર ધર્મ-શાળા તથા ગિરનાર ઉપર જટાશંકર ધર્મશાળા આવેલી છે.

# જુનાગઢનો ઈતિહાસ

ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાં ગિરનારની છાયામાં યાદવ ગોત્ર વસતું, પણ સહસ્રાર્જુનના કોપથી યાદવ ગોત્ર હિજરત કરી મથુરા ગયું. ત્યાંથી શ્રીકૃષ્ણના વખતમાં કાલયવન અને જરાસંઘના ભયથી નાસી યાદવો ફરી સૌરાષ્ટ્રમાં આવ્યા. દારૂના નશામાં આ યાદવો પાટણમાં અંદરો અંદર કપાઈ મુઆ. ત્યાર પછી મૌર્ય રાજાના સુબાઓ, ગુપ્ત રાજાના સુબાઓ, રૂદ્રદામાનો સુબો અને છેલ્લે વલ્લભીવંશ અહીં રાજ કરી ગયો. ત્યાર પછી કાળક્રમે વંથલીમાં ચાવડા આવ્યા. બળરામ ચાવડા પાસેથી તેના ભાણેજ ચંદ્રચુડને વંથલી મળ્યું.

આ ચુડાસમા વંશે ૫૯૭ વર્ષ રાજ્ય કર્યું, ત્યાર બાદ ગુજરાતના સુલતાન અને તે પછી દિલ્હીના સુલતાનના ફોજદારો રાજ્ય કરી ગયા. છેલ્લે બાબી ફોજદાર બહાદુરશાહે જુનાગઢમાં બાબી વંશની ગાદી સ્થાપી. ઈ.સ. ૧૭૪૮ થી ૧૯૪૮ સુધી એટલે ૨૦૦ વર્ષ સુધી આ વંશના હાથમાં સત્તા રહી. છેલ્લે આરઝી હકુમત થોડો સમય રહી, પછી સૌરાષ્ટ્ર સરકારમાં અને છેલ્લે ગુજરાત રાજ્યમાં જુનાગઢ સમાઈ ગયું. આ છે જુનાગઢ રાજ્યનો ટૂંકો ઇતિહાસ.

— ( ગિરનાર માહાત્મ્યમાંથી )

**ખરીદો ! સૌરાષ્ટ્રનાં તીર્થ ધામો** :—આ પુસ્તકમાં ગિરનાર, સોમનાથ, ભવનાથ માહાત્મ્ય, વીરપુર, સતાધાર, તુલસી શ્યામ, પ્રાચી વિગેરે જોવા લાયક યાત્રા ધામોની સંપૂર્ણ માહિતી આપેલી છે. મૂલ્ય રૂા. ૩–૫૦

# — સૂચના —

(૧) ગિરનાર તળેટીએ જવા માટે ગામમાંથી તથા રેલ્વે સ્ટેશનથી સીટી બસની વ્યવસ્થા એક એક કલાકે છે, તેમજ રીક્ષા, ઘોડાગાડી વગેરે વાહનો મળે છે.

(૨) ગિરનાર તળેટીમાં રહેવા માટે ધર્મશાળા લોજો અને રેસ્ટોરન્ટો પણ છે.

(૩) ગિરનાર ઉપર ઈલેકટ્રીક લાઈટની સગવડતા થવાથી રાત્રે પણ ચઢવા ઉતરવા માટે મુશ્કેલી પડતી નથી.

(૪) અશક્ત માણસને ગિરનાર ઉપર લઈ જવા માટે 'ડોલી'ની વ્યવસ્થા છે.

(૫) નાના બાળકોને તેડીને ઉપર પહોંચાડવા માટે બાઈ મજુરણો મળે છે.

(૬) સરસામાન ઉપર લઈ જવા–લાવવા માટે વ્યાજબી દરે મજુરો મળી રહે છે.

(૭) અહીંથી સોમનાથ, તુલસીશ્યામ, સુદામાપુરી, દ્વારકા વીરપુર, સતાધાર વગેરે જોવાલાયક સ્થળોએ જવા, માટે એસ. ટી. બસની ઘણી જ સુંદર વ્યવસ્થા છે.

(૮) પરિક્રમા તથા શિવરાત્રીના મેળાના સમયમાં ભવનાથ જવા આવવા માટે દિવાન ચોકમાંથી એસ. ટી. બસની વ્યવસ્થા કરવામાં આવે છે.

(૯) સકરબાગ તથા મ્યુઝીયમ–દર બુધવારે બંધ રહે છે.

**અડસઠ તીર્થ કરવા છતાં; પૂર્ણ યાત્રા નવ થાય,**
**જે આવી સોરઠ મહિં; દામો કુંડ નવ નાય.**

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ :
નિતીન ઓફસેટ, ૮, પુનાજી એસ્ટેટ, ધોબીઘાટ, અમદાવાદ.

# શ્રી અંબાજી-ગિરનાર



ગુરૂદત્ત, અંબ ગુરૂદત્ત, અંબાજી ગુરૂદત્ત, ગિરનાર.
ભવનાથ. નરસિં અંબ ગુરૂદત્ત, અંબાજી તારણહાર
ભવનાથ. નરસિં

પ્રાપ્તિસ્થાન : દેસાઈ સ્ટોર દિવાન ચોક જુનાગઢ